## તપાશનીસ અધિકારી જ અહેસાન તળે!!!

# પાલનપુર પાલિકાના સી.ઓ. કોન્ટ્રાક્ટરના ઘરમાં ભાડે રહેતા હોઈ છાવરતા હોવાની આશંકા

### સી.સી.ટી.વી-વેબસાઈટના તપાસ અહેવાલમાં કોન્ટ્રાકટરને છાવરવા પાછળનું રહસ્ય અકબંધ

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં થયેલી ગેરરીતીઓ સામે વિપક્ષ કોગ્રેંસના ભેદી મૌન વચ્ચે સત્તાધારી પક્ષના ઉપપ્રમુખે બાંયો ચડાવી છે. ત્યારે વેબસાઈટ-સી.સી.ટી.વી કેમેરા પ્રકરણના તપાસ અહેવાલમાં કોન્ટ્રાકટરને છાવરવા પાછળ પાલિકાના સી.ઓ. તેમના ઘરમાં ભાડે રહેતા હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. ત્યારે અહેસાન તળે દબાયેલા તપાશનીશ અધિકારીને નડેલી આંખની શરમથી પાલિકાના આર્થિક હીતોને ચુનો ચોપડાઈ રહ્યો હોવાની વાતો વહેતી થઈ છે. ત્યારે જીલ્લા કલેકટર તટસ્થ તપાસ કરાવી સત્યસભર અહેવાલ રજુ કરાવે તેવી માંગણી જોર પકડી રહી છે.

પાલનપુર નગરપાલિકા ધ્વારા આચરાયેલી ગેરરીતીઓ સંદર્ભે પાલિકાના ઉપપ્રમુખ ધ્વારા નગરપાલિકા નિયામક સમક્ષ ન્યાયની ગુહાર લગાવવામાં આવી હતી. જેમાં પાલિકા ધ્વારા ખરીદ કરાયેલા સી.સી.ટી.વી કેમરા અને વેબસાઈટ ના કામમાં પણ ભારે ખાયકી થઈ હોવાની રજુઆત કરાઈ હતી. જેની તપાસ ખુદ પાલિકાના ચીફ ઓફિસર એસ.કે.ગરવાલને સોંપી તેનો તપાસ અહેવાલ રજુ કરવાની જવાબદારી સોંપાઈ હતી. ત્યારે ખુદ તપાસનીશ અધિકારી ગરવાલ પોતે કોન્ટ્રાકટરના બંગ્લામાં ભાડે રહેતા હોઈ તેઓએ કોન્ટ્રાકટરને છાવરતા આ કેસમાં કોઈ ગેરરીતી થઈ ન હોવાનો તપાસ અહેવાલ રજુ કરી અરજી દફતરે કરવાનો રીપોર્ટ કરતા ચકચાર મચી જવા પામી હતી. જયારે ખુદ નાયબ કલેકટર અને પ્રાંત કચેરીએ આ કેસમાં અનિયમિતતા દાખવાઈ હોવાનો એકરાર કરતો રીપોર્ટ કરતા પાલિકાના સી.ઓ.એ કરેલો લુલો બચાવ ખુલ્લો પડી ગયો હતો. જોકે, પાલિકાના સી.ઓ. એસ.કે.ગરવાલ બનાસકાંઠામાં ફરજ બજાવી ચુકેલા નિવૃત ડી.પી.ઈ.ઓ કે.ડી.ડામોરના પુત્ર રવિ.કે.ડામોરના આબુ હાઈવે સ્થિત આવેલા મેઘા બંગ્લોઝના મકાન નં.૧૯માં રહેતા હોવાનું બહાર આવ્યું છે. જેથી તેઓએ પોતાના મકાન માલિક એવા પાલિકાના આર્થિક હીતોને ચુનો ચોપડનારા કોન્ટ્રાકટરને છાવરવાનો પ્રયાસ કર્યો હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. ત્યારે ભાડુઆતના નાતે કે જાતિભાઈના નાતે કે પછી અગમ્ય કારણોસર આ કેસમાં સી.ઓ. ગરવાલે ભજવેલી શંકાસ્પદ ભુમિકાની તપાસ કરી તટસ્થ અને ન્યાયિક અહેવાલ રજુ કરી કસુરવારોને નશ્યત કરી પાલિકાના હીતોની જાળવણી કરાય તે માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ હોવાના અહેવાલ સાંપડયા છે. જેને લઈને પાલિકા વર્તુળોમાં ચકચાર મચી જવા પામી છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પ્રાંત-કલેકટરના અહેવાલમાં એકરાર.!!!

પાલનપુર નગરપાલિકાના બહુચર્ચિત વેબસાઈટ-સી.સી.ટી.વી કેમેરા પ્રકરણમાં વેબસાઈટની કામગીરી કર્યા વગર રૂ.૬.૨૫ લાખની ચુકવણી કરી દીધી હોવાની રજુઆત છે. આ ઉપરાંત સી.સી.ટી.વી.કેમેરાના રૂ.૧.૭૧ લાખના બીલમાં રૂ.૭૩,૦૦૦નો ગફલો તથા ૩૭ બાય ૧૬ના પાલિકાના બિલ્ડીંગમાં ૫ મીટરથી ૪૦ મીટર સુધીના રેન્જના કેમેરા લગાવાયા છે. જેમાં મેકસીમમ ૮૦૦ મીટર કેબલ વપરાય ત્યારે પાલિકાના ચોપડે ૨૨૫૦ મીટર કેબલ ઉધારાયો છે. વળી, ડીવીઆર ૩૨ ચેનલ કે જેની માર્કેટ કિંમત અંદાજે રૂ.૧૭,૫૦૦ છે. જેનો ભાવ ૪૨,૬૦૦ ઉધારવામાં આવ્યો હોવાની આધાર-પુરાવા સાથેની સચોટ રજુઆત થઈ છે. જેની સામે પાલિકાના સી.ઓ.એ આ બધી વાસ્તવિકતાને નજર અંદાજ કરી ગેરરીતી થઈ ન હોવાનો અહેવાલ રજુ કરી કોન્ટ્રાકટરને છાવરવાનો પ્રયાસ કર્યો છે. જયારે ખુદ પ્રાંત અધિકારીએ પોતાના અહેવાલમાં રૂ.૬.૨૫ લાખનું ચુકવણું થયેલું છે. આ કામ ૩ માસમાં પુર્ણ કરવાનું હતું. પરંતુ ૧૫ માસ પુરા થવા છતાં કામ પુર્ણ થયેલ ન હોવા છતાં નગરપાલિકાએ કોન્ટ્રાકટર સામે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલી નથી તેવો સ્પષ્ટ અહેવાલ રજુ કરેલ છે. જયારે કલેકટરે પણ ઉકત હકીકતના એકરાર સાથે આ વહીવટી બાબત હોઈ તેમાં પ્રમુખ જવાબદાર નથી તેવો રીપોર્ટ કરેલ છે. આમ, સમગ્ર પ્રકરણમાં પાલિકાના સી.ઓ.નો લુલા બચાવનો પર્દાફાશ થઈ જવા પામ્યો છે. જોકે, પાલિકાના તપાસ અહેવાલ દરિમયાન કેસર કેરી, જાતિભાઈ સહીતના અહેસાનો કામ કરી ગયા હોવાની વાતો પણ ચર્ચાની એરણે ચડી છે.

## ધાનેરામાં પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ

ધાનેરા, તા. ૧

ધાનેરાને સ્વચ્છ શહેર બનાવવા માટે તાજેતરમાં પ્રાંત કચેરી ખાતે વેપારી અગ્રણીઓ અને નગરપાલિકાના અધિકારી પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં ધાનેરાને પ્લાસ્ટીક મુક્ત બનાવવા સૌએ એક સૂર પુરાવ્યો હતો.

ધાનેરામાં ઠેર ઠેર પ્લાસ્ટીકના કચરાને લઈ વારંવાર અનેક મુશ્કેલી થવા પામી છે. પ્લાસ્ટીકના કચરાને લઈ ગટરો ઉભરાવવી અને પશુ ઢોરો આ પ્લાસ્ટીકને ખાતા મોતને ભેટવાના કિસ્સાઓ બની રહ્યા છે. ત્યારે આ ગંભીર પ્રકારની મુશ્કેલીને દૂર કરવા અને નાગરિકોને પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વેપારી અને કર્મચારીઓ તેમજ પદાધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં ધાનેરામાં સંપૂર્ણ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને વિવિધ નિયમો પણ ઘડવામાં આવ્યા હતા.

## પ્રાંતિજની બોક ભરાતાં નીરના વધામણા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અસંખ્ય ગામડાઓના જીવાદોરી સમાન પ્રાંતિજ પાસેની ૧૦૦ એકર જમીનમાં પથરાયેલ બોક (તળાવ) એકાએક ભરાતાં પ્રાંતિજવાસીઓએ જલદેવતાને વધાવ્યા હતા.

પ્રાંતિજ પાસે નેશનલ હાઈવે પાસેથી છેક લીમલા, કમાલપુર, સાદોલીયાના સીમાડા સુધી એકસો એકરમાં પથરાયેલ બોક ઉપરવાસના અતિવરસાદના કારણે ડેમમાંથી પાણી નર્મદા કેનાલ મારફતે પ્રાંતિજ બોકમાં નાખતાં આ બોક છલોછલ ભરી દેવાતા શોભામાં અભિવૃધ્ધિ સાથે કિસાનોના જલસ્ત્રોતનો પ્રશ્ન હાલ હલ થયો છે.

# નિવૃત્તિકાળમાં બાળકોને મફતમાં ભણાવી શિક્ષકનું અજવાળુ પાથરતા મોડાસાના બદાકાકા

### મેઘરજ પાદર મહુડી ગામના બદાકાકા અને તેમના પત્ની દરરોજ ૯ બાળકોન મફ્ત શિક્ષણ આપે છે

મોડાસા, તા. ૧

'શિક્ષક કભી સાધારણ નહી હોતા' આ પંક્તિ સાચા અર્થમાં સાર્થક કરી છે. મેઘરજ તાલુકાના પાદર મહુડી ગામના બદાકાકાએ..! બદાકાકા તથા તેમના પત્નિ નિવૃત્તિ પછી પણ શિક્ષણનો દિપક જીવંત રાખીને ગામના ૯ જેટલા બાળકોને મફતમાં શિક્ષણ પુરૂ પાડી રહ્યા છે. જ્યારે આજે રૂપિયા કમાવાની લાલચમાં રાચતા માસ્તરોએ બદાકાકા પાસેથી શીખ લઈ ગરીબ બાળકોને મફતમાં ટ્યુશન કરાવે તે જરૂરી છે.

આજના આધુનિક જમાનામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજો તથા સ્કૂલોનો રાફડો ફાટી નીકળ્યો છે. ખાનગી સ્કૂલોના સંચાલકો ૩૦ થી ૪૦ હજારની ફી પ્રાથમિક વિભાગમાં ભણાવવા ઉઘરાવે છે. અને તેમાંય ટ્યુશનીયા માસ્તરો લાખ્ખો રૂપિયાની ફી ઉઘરાવી લાખોપતિ બન્યા છે. ત્યારે આવા લોભીયાઓની આંખ ઉઘાડનારો શિક્ષણનો એક દિપક આજે મેઘરજ તાલુકાના પાદર મહુડી ગામના નાનકડા ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી પ્રજવલિત છે. મેઘરજ તાલુકાના પાદર મહુડી નાનકડા ગામમાં છેલ્લા ૧૦ વર્ષથી પ્રજવલિત છે. મેઘરજ તાલુકાના પાદર મહુડી ગામમાં રહેતા બદાકાકા તથા તેમના ધર્મપત્નિ ગંગાબેન કટારા પ્રાથમિક શિક્ષક તરીકે નજીકની પ્રાથમિક શાળામાં નોકરી કરતા હતા. આ શિક્ષક દંપતિએ અંતરિયાળ વિસ્તારમાં આવેલી આ શાળામાં નોકરી કરી ૫૦૦ જેટલી આયુર્વેદીક ઔષધીઓના છોડ સ્કૂલમાં તથા પોતાના ઘરે ઉછેર્યા છે. આ શિક્ષક દંપતી ૨૦૦૪ની સાલમાં નિવૃત્ત થયું ત્યાર બાદ પણ આ વિસ્તારના ૯ જેટલા બાળકોને મફતમાં ઘરે બેઠા ટ્યુશન આપીને ભણાવવાનું ચાલુ રાખ્યું છે.

નવાઈની વાત તો એ છે કે આ બાળકોને અભ્યાસ કરાવવા માટે ચાર્ટ, પુસ્તક, ચોપડા નકશા તેમજ અભ્યાસની તમામ ચોપડીઓ અને ચીજવસ્તુઓ મફતમાં આવે છે. અને બાળકોને જમાડીને ઘરે રહેવોની અને ઉંઘવાની છૂટ પણ આપવામાં આવી છે. આમ ટ્યુશન સહિતનો તમામ ખર્ચ આ દંપતિ ઉઠાવે છે. અને બાળકોના જીવનમાં શિક્ષણનો ઉજાસ પાથરી રહ્યા છે. બદાકાકા છેલ્લા ૨૦ વર્ષથી પોતાના ઘરે જ રાખવામાં આવેલી ગાયોના છાલ તથા મૂત્ર દ્વારા ઘર આંગણેજ જૈવિક ખેતી કરી ઘઉં તથા અન્ય શાકભાજીનો ઉછેર કરી ઉપયોગમાં લે છે.

બદાકાકા તથા તેમની પત્નીએ જણાવ્યું કે ભણતર એ બાળકનો સામાન્ય મૂળભૂત અધિકાર છે. અમારા ત્યાં અભ્યાસ કરતા બાળકો ગરીબ વર્ગના હોવાથી ટ્યુશનના રૂપિયા ખર્ચી શકતા ન હોવાથી અમો મફતમાં ભણાવીને તેમનો ઉછેર કરી રહ્યા હોવાથી આનંદ અનુભવીએ છીએ. અરવલ્લી જિલ્લામાં શિક્ષણ એ વહેપારી બની ગયો હોવાથી શૈક્ષણિક સંસ્થાઓ અને ટ્યુશનીયા શિક્ષકો દ્વારા ચલાવતા વર્ગોમાં ગરીબ બાળકને તો કોઈ જ સ્થાન ન રહેતા આવા ગરીબ બાળકોને તમામ ખર્ચા ઉઠાવી બાળકોની પ્રગતિ કરી ઉચચ્ચ અભ્યાસ અને સારી હોદ્દા પર બિરાજે તેવી ઉમદા ભાવનાથી કાર્ય આદરેલ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# સાબરકાંઠા જિલ્લા નાયબ માહિતી નિયામકનો વિદાય સમારંભ યોજાયો

હિંમતનગર, તા. ૧

જિલ્લા માહિતી કચેરી, સાબરકાંઠા અને પ્રેસ ક્લબ ઓફ હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે સરકારી સેવામાં લગભગ ચાર દાયકા સુધી સેવારત જિલ્લા નાયબ માહિતી નિયામક શ્રી વી.જે. મેસરીયાનો હિંમતનગરના સર્કિટહાઉસ ખાતે વય નિવૃત્ત સમારંભ યોજાયો હતો.

વય નિવૃત્ત થનાર નાયબ માહિતી નિયામક મેસરીયાએ પોતાની કારકિર્દી દરમિયાનના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, માહિતી ખાતાના તમામ વિભાગીય કચેરીના મોટા ભાગના જિલ્લામાં સેવા બજાવવાની તક મળી તો આ ઉપરાંત અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગ, યુવક સેવા અને સાંસ્કૃતિક તેમજ આરોગ્ય વિભાગમાં વિશિષ્ટ સેવા કરવાનો મોકો મળ્યો હોવાનો અહોભાવ પ્રગટ કર્યો હતો.

કાર્યક્રમમાં પ્રેસ ક્લબ ઓફ હિંમતનગરના પ્રમુખ શ્રી દિપભાઈ ત્રિવેદીએ શુભકામના પાઠવી હતી. તો પ્રેસ ક્લબના સેક્રેટરી મગનજીત વણઝારાએ મેસરીયાના સાબરકાંઠા જિલ્લાના કાર્યકાળ દરમિયાન પત્રકાર મિત્રો તથા વહીવટીતંત્ર વચ્ચેની સંકલનની કામગીરીને બિરદાવી તેમના નિવૃત્તિ જીવન પ્રવૃત્તિમય બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ ઉપરાંત પ્રેસ ક્લબના ઉપ પ્રમુખ રસિકભાઈ સોનીએ વિનોદસભર કૃતિ રજૂ કરી હતી. તો ઈલેક્ટ્રોનિક મિડીયાના અગ્રણી અવનિશ ગોસ્વામી કારણોવસાત ઉપસ્થિત ન રહેતા પોતાની શુભકામનાઓ પત્ર મારફતે પાઠવી હતી.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરી પરીવાર દ્વારા મેસરીયાને બુકે તથા મોમેન્ટો આપી સન્માન કર્યું હતું તો પ્રેસ ક્લબ દ્વારા પણ ભેટ સોગાદ આપી વિશેષ સન્માન કર્યું હતું.

આ વય નિવૃત્ત પ્રસંગે પ્રેસ ક્લબના સભ્ય મકસુદ મનસુરી, યોગેશ બારોટ, અશોક રાવલ, વાસુદેવ પટેલ, શૈલેષ ચૌહાણ, સતિષ ભટ્ટ, ઈશાન પરમાર સહિત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના અગ્રણી પત્રકારો તથા માહિતી પરીવારના સહાયક માહિતી નિયામક આર.એસ. પટેલ, આર.જી. પટેલ, પી.એમ. પટેલ, વિક્ટર ડામોર સહિત અન્ય કર્મચારીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# બાયડમાં રાત્રે ચોર-લુંટારાઓની ટોળકી આવતી હોવાની માત્ર અફવાઓ

મોડાસા, તા.૧

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકામાં છેલ્લા બે દીવસથી આંતકવાદી જેવા લોકો ઘુસી આવ્યા હોવાની અફવા બજારમાં જોર પકડયુ છે. બાયડથી દહેગામ સુધીના ૪૪ કી. મી વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહયો છે. પોલીસ સમક્ષ અનોક ગામડાઓની પ્રજાએ ધાડપાડુના આંતકની જાણકારી આપી છતાં પોલીસે પ્રજાની વાતને હસી મજાકમાં કાઢતાં તેનો અંજામ તાજેતરમાં બહાર આવ્યો છે.

બાયડ તાલુકાના બોરમઠ, બોરટીંબા, અરજણવાવ, વાસણીરેલ, શણગાલ, ગણેશપુરા, ડેરીયા, ભુંડાસણ સહિતના ગામોમાં છેલ્લા બે દિવસથી ધાડપાડુઓના આંતકના ભયથી પ્રજા અને ખેત સીમાડામાં વસવાટ કરતાં ખેડુતો પરિવાર જીવ બચાવવા માટે હવાતીયા મારી રહયા છે. જયારે હાલ છેલ્લા બે દિવસથી બાયડ તાલુકા આખામાં ડફેર જેવા લોકો ઘુસી ગયાની અફવાના પગલે તાલુકાની પ્રજાની ઉંઘ હરામ થઈ ગઈ છે.

# મોડાસા ખાતે બાળમજૂરી અંગે બેઠક યોજાઈ

મોડાસા, તા. ૧

મોડાસા ખાતે બાળમજૂરી અંગે હોટલ એસોસીએશન સાથે તાજેતરમાં લેબર આસીસ્ટન કમિશનરની બેઠક યોજાઈ હતી.

મોડાસાના માલપુર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મદદનીશ શ્રમ કમિશનર ગોવિંદ ભૂતકા અને જિલ્લા બાળ સુરક્ષા વિભાગના સંસ્થાકીય સંભાળ અધિકારી મુકેશ સોલંકી હાજરીમાં બાળ મજૂરી અંગે બેઠક યોજાઈ હતી. જેમાં બાળમજૂરી નાબુદ કરવા તેમજ હોટલોમાં ૧૮ વર્ષથી નીચેના બાળ કામદારોને કામે ન રાખવા અપીલ કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાને બાળ મજૂરીથી મુક્ત બનાવવા પ્રયાસો હાથ ધરવા સહકાર આપવા જણાવ્યું હતુ.

# હિંમતનગરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના કોર્ષનું નિદર્શન યોજાશે

હિંમતનગર, તા. ૧

ભારત સરકારના સ્કીલ ડેવલોપમેન્ટ મિશન ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા અંતર્ગત કૌશલ્યવર્ધનના વિશિષ્ટ પ્રકારના કોર્સ માટે સરકારનો અભિગમ ખુબજ સકારાત્મક બન્યો છે. યુજીસીએ પણ દેશની યુનિવર્સિટીઓને જણાવ્યું છે કે ફક્ત ડીગ્રી માટેના અભ્યાસક્રમો ના ચલાવતા હવે વોકેશનલ કોર્સ તરફ ઝોક આપવાનો રહેશે કે જેની અત્યારે સ્કીલ આધારિત ખુબ જ ડીમાંડ છે. આવા જ અભ્યાસક્રમો માટે ગુજરાતની એક માત્ર ત્રિસ્તરીય એફીલેશન-જોડાણ ધરાવતી સંસ્થા ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાયર એન્ડ સેફ્ટી એન્જીનીયરીંગ હિંમતનગર દ્વારા ફાયર એન્ડ ડીઝાસ્ટર મેનેજમેન્ટ તથા સેફ્ટી એન્જીનીયરીંગના વિવિધ પ્રકારના કોર્ષ જેવા કે ડીપ્લોમાં, પીજી ડીપ્લોમાં, એડવાન્સ અને સર્ટીફિકેટ પ્રકારના ૧૬ જેટલા વોકેશનલ અને પૂર્ણ સમયના અભ્યાસક્રમો આ જુલાથી શરૂ થઈ રહ્યા છે. જેમાં ધોરણ-૧૦-૧૨ પાસ, ધોરણ-૧૨ સાયન્સ, બે વર્ષના આઈટીઆઈ પૂર્ણ કરેલ હોય તેવા તથા સાયન્સ અને નોર્મલ સ્નાતકો માટે આ અભ્યાસક્રમો ઉપલબ્ધ છે.

હિંમતનગર ખાતે સ્થિત આ ઈન્સ્ટીટ્યુટ દ્વારા ડૉ. રમણ યુનિવર્સિટી, છતીસગઢ, આઈસેક્ટ યુનિવર્સિટી ભોપાલ અને નેશનલ એકેડેમી ફોર ફાયર એન્ડ સેફ્ટી નાગપુર સાથે જોડાણ કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતમાં આ એવી પ્રથમ ઈન્સ્ટીટ્યુટ છે જેને ત્રિસ્તરીય એફીલેશન મેળવ્યુ હોય. સમગ્ર જિલ્લામાં વાલીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા શૈક્ષણિક સંસ્થાઓ માહિતગાર બને તે હેતુથી સંસ્થા દ્વારા આવા કોર્સ અંગેનું નિદર્શન યોજવામાં આવનાર છે કે જેથી આવા અભ્યાસક્રમો અંગે સરળતાથી સચોટ માહિતી મેળવી શકે. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન, ક્યુ એન્ડ એ તથા બેનર પ્રદર્શન દ્વારા આ નિદર્શન સહકારી જીન ક્રોસ રોડ, હીરો શૉ રૂમની સામે ઈન્સ્ટીટ્યુટના સરનામે ૫મી જુલાઈથી ૧૫મી જુલાઈ સુધી ખુલ્લું રખાશે.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા રેલવે સ્ટેશન વિસ્તારમાં શ્રીકલા મહિલા અને બાળ કલ્યાણ ટ્રસ્ટ સંચાલીત શિશુ વાટીકામાં ભુલકાઓનો પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ભુલકાઓ તેમજ વાલીઓ હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રમુખ ઘનશ્યામભાઈ ડી.કૌશિક અને મંત્રી પંકજ ઉપાધ્યાયના હસ્તે ભુલકાઓને દફતર, નોટબુક, પેન વગેરેનુ વિતરણ કરવામાં આવ્યું હતું.


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧,લીલછા પ્રાથમીક શાળા, બોલુન્દ્રા પ્રાથમીક શાળા, નારણપુર-નારસોલી પ્રાથમીક શાળા, મલાસા પ્રાથમીક શાળા સહિત વિવિધ પ્રાથમીક શાળાઓમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકનું વિતરણ ગુજરાત દિવ્ય જીવન સંઘ, અમદાવાદ, સેવાભાવી સભ્ય હરીભાઈ પટેલ ધ્વારા કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી બી.એન.ઢાઢી, શંભુભાઈ પટેલ, પુર્વ તાલુકા કેળવણી નિરીક્ષક, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય જયદેવભાઈ બારોટ, ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ નો સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના વિદ્યાર્થીઓમાં આનંદની પ્રસરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD
Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY




સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦